# YUVA MODEL ASSEMBLY

*The Gujarat Assembly, in a one of its kind initiative, had conducted a one-day session on 21st July 2022, wherein students of classes 11 and 12 sat as "legislators". The session was held under the guidance of Dr. Nimaben Acharya, the first woman Speaker of the Gujarat Assembly.*

*This was a historic initiative taken by government of Gujarat. It was the first Model youth Parliament in the country wherein 182 students studying in Classes 11 and 12 took part in the 'youth parliament'. These students were selected from various schools in all constituencies of the state.*

*Students had undergone several rounds of selection process after which the final list of MLA's were selected. The next stage was the selection of various portfolios of the Cabinet ministry. 'DPS Harni' was fortunate to get 2 students selected as cabinet ministers. The students excelled in the role and responsibilities assigned to them.*

*Name: 1. Shrushti Nihalani class XI D (Energy and Petroleum Minister)*

*2. Yash Patel class XI C (Sports Minister)*

*3. Saivi Patel class XI D (Member of legislative Assembly)*

*The session was inaugurated and witnessed by Honorable Chief minister of Gujarat Bhupendra Patel, Speaker Nimaben Acharya and Law minister Rajendra Trivedi.*

*Students were awarded with appreciation certificate and a prize.*



ભાસ્કર વિશેષ | 21 જુલાઇએ આયોજિત એક દિવસના 'વિધાનસભા' સત્રમાં વડોદરાના 9 ધારાસભ્યો પણ બેસશે

બાળ વિધાનસભામાં અધ્યક્ષ સહિત 4 મંત્રી વડોદરાના

સિટી રિપોર્ટર | વડોદરા

21 જુલાઇએ ગુજરાત વિધાનસભાનું એક દિવસીય સત્ર વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત થશે. આ વિધાનસભાના અધ્યક્ષ વડોદરાની વિદ્યાર્થિની હશે આ ઉપરાંત 15 મંત્રીમાંથી 4 વડોદરાના વિદ્યાર્થી પસંદ થયા છે. સ્કૂલ પોસ્ટ અને જી.વી. માવલંકર પાર્લામેન્ટરી સ્ટડીઝ અને ટ્રેનિંગ બ્યુરો દ્વારા આ વિધાનસભાના સત્રનું વિધાનસભા અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્યના વડપણ હેઠળ આ પ્રયોગ કરાઇ રહ્યો છે. આ વિધાનસભાના ધારાસભ્યો પૈકી 9 વડોદરાના હશે. વડોદરાથી કુલ 14 વિદ્યાર્થીઓની પસંદગી થઇ છે તેમાં 11 વિદ્યાર્થિનીઓ છે.

વડોદરાના જે વિદ્યાર્થીઓની એક દિવસીય વિધાનસભા સત્રમાં પસંદગી કરવામાં આવી છે. તેમાં અધ્યક્ષ તરીકે નવરચના ઇન્ટરનેશનલની મિસરી શાહ, સ્વામી વિવેકાનંદ સ્કૂલ નં.1ના જય વ્યાસ, યશસ્વી દેસાઇ, ડીપીએસ હરણીની શ્રૃષ્ટિ નિહલાની, આ જ સ્કૂલના વિદ્યાર્થી યશ પટેલની પસંદગી થઇ છે. આ ઇવેન્ટના વડોદરાના નોડલ ઓફિસર ડો.સુધીર જોશીએ જણાવ્યું કે, આ ઇવેન્ટ વિશેની તૈયારીઓ લાંબા સમયથી ચાલતી હતી. દરેક સ્કૂલે શરૂઆતમાં 10 તેમની યોગ્યતાના આધારે સિલેક્ટ કર્યા. પછી બીજા તબક્કામાં 6-6 કરાયા ત્યારબાદ ઓનલાઇન ટેસ્ટથી વિદ્યાર્થીઓ ફાઇનલાઇઝ થયા છે.

વિધાનસભા અધ્યક્ષ
મિસરી શાહ
નવરચના ઇન્ટ. સ્કૂલ

"અમને અધ્યક્ષ નીમાબેનની ઓફિસે લઇ જવાયા હતા. સ્પીકરની કામગીરી અને તેમને કેવી રીતે અને શું કામ કરવું તેની તાલીમ અપાઇ છે.

કાયદા મંત્રી
જય વ્યાસ
સ્વામી વિવેકાનંદ સ્કૂલ નં.1

"ક્યા નવા કાયદાઓ રાજ્યમાં અમલમાં આવ્યા છે. દારૂબંધી સહિતના કાયદાનો અમલ યોગ્ય રીતે થઇ રહ્યો છે કે નહીં, જેવા મુદ્દાનો અભ્યાસ કર્યો છે.

પેટ્રોલિયમ મંત્રી
શ્રૃષ્ટિ નિહલાની
ડીપીએસ (હરણી)

"હાલમાં પેટ્રોલ-ડિઝલ સહિતના બળતણના ભાવ અને તેના પરના ટેક્સ વિશે વાંચન કર્યું છે. મીડિયા તેના વિશે સવાલ પૂછશે તો તૈયારીઓ રાખી છે.

રમતગમત મંત્રી
યશ પટેલ
ડીપીએસ હરણી

"સ્પોર્ટ્સ યુનિ.ના 2011ના બિલનો સંપૂર્ણ સ્ટડી કર્યો છે. જરૂર પડ્યે તો ભાષણ તૈયાર કર્યું છે. રમત વિશેના જુદા જુદા મુદ્દાઓ વિશે પણ ઘણું વાંચન કર્યું છે.'

મત્સ્ય ઉદ્યોગમંત્રી: યશસ્વી દેસાઇ, નવરચના ઇન્ટરનેશનલ

આ વિદ્યાર્થીઓ બનશે MLA
- નિશાંત રાઠોડ
- યશ વ્યાસ
- સાઇવી પટેલ
- કશીશ સોની
- ગ્રીશા પટેલ
- દીપા પટેલ
- બંસી મેરવાના
- પ્રાચી ચાવડા
- જિનલ શાહ







